&

અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.), ગાંધીનગરને વર્ષ ૨૦૧૯-૨૦માં સીધા ધિરાણ યોજના હેઠળ ફાળવેલ રૂ।.૧૦૦૦.૦૦ લાખની યોજનાઓને મંજૂરી આપવા બાબત...

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-મકમ/૧૦૨૦૧૯/૩૨૨૩/જ.
સચિવાલય, ગાંધીનગર.
તા:૧૭/૦૩/૨૦૨૦.

**વંચાણમાં લીધા:-**

1. વિભાગનો તા:૧૮/૦૩/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક: અજક/૧૭/૨૦૧૯/૧૦૫૭૪૧/જ
2. વિભાગનો તા:૦૮/૦૨/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક:અવક/૧૫૨૦૧૬/૧૦૫૧૩૧(પા.ફા.)/જ
3. નાણાં વિભાગનો તા:૧૮/૦૯/૨૦૧૯નો પરિપત્ર ક્રમાંક:જનવ/૧૦/૨૦૧૯/૪૭૪/અ.
4. ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.), ગાંધીનગરનો તા:૧૦/૦૬/૨૦૧૯નો પત્ર ક્રમાંક:ડૉ.આઅંવિનિ/૧૨/હિસાબી/પ્રોજેક્ટ/૨૦૧૯/૪૯૬૯ થી ૪૯૭૦.
5. ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.),ગાંધીનગરનો તા:૦૮/૧૧/૨૦૧૯નો પત્ર ક્રમાંક: ડૉ.આઅંવિનિ/૨૦૧૯/૧૨/હિસાબી/૧૪૭૨૬-૨૭.
6. ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.),ગાંધીનગરનો તા:૦૯/૦૩/૨૦૨૦નો પત્ર ક્રમાંક: ડૉ.આઅંવિનિ/૧૨/હિસાબી/૨૦૨૦/૧૮૬૯.

**આમુખ:-**

વંચાણે લીધેલ ક્રમ-૧ પરના તા:૧૮/૦૩/૨૦૧૯ના ઠરાવથી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકના અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના ત્રણ નિગમોને વર્ષ ૨૦૧૯-૨૦માં સીધા ધિરાણ યોજના હેઠળ લોન આપવા માટે રૂ।. ૪૦૦૦.૦૦ લાખની ચાલુ

બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. જે પૈકી ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અ.જા.), ગાંધીનગરને રૂા.૧૦૦૦.૦૦ લાખ ફાળવવામાં આવેલ તેમજ આ ઠરાવની જોગવાઇ ક્રમ-૧૧ મુજબ "લોન આપવા અંગેના દર અને પરત ચૂકવણીની શરતો અંગે જાહેર સાહસ બ્યુરો(નાણા વિભાગ)ની મંજૂરી મેળવવાની રહેશે,"તેવું ઠરાવેલ છે.

જે અન્વયે ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.), ગાંધીનગર દ્વારા વંચાણે લીધેલ ક્રમ-૦૪ પરની તા:૧૦/૦૬/૨૦૧૯ની દરખાસ્ત મુજબની યોજનાઓને ક્રમ-૦૫ પરની તા:૦૮/૧૧/૨૦૧૯ની દરખાસ્તથી વંચાણે લીધેલ ક્રમ-૨ પરના તા:૦૮/૦૨/૨૦૧૭ના ઠરાવથી વર્ષ ૨૦૧૬-૧૭માં નક્કી કર્યા મુજબ રાજ્ય સરકારને પરત ભરપાઇ, વ્યાજના દર અને તે અંગે ચૂકવણીની કાર્યરીતિ વર્ષ:૨૦૧૯-૨૦ની યોજનાઓમાં પણ લાગુ પાડવા તેમજ વંચાણે લીધેલ ક્રમ-૦૬ પરની તા:૦૯/03/૨૦૨૦ની દરખાસ્ત મુજબ લાભાર્થીઓની પાત્રતા/યોગ્યતાના ધોરણો માન્ય રાખવા રજૂઆત કરેલ છે.

## ઠરાવ:-

૧. પુખ્ત વિચારણાના અંતે, વર્ષ ૨૦૧૯-૨૦માં ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.), ગાંધીનગરની નીચે મુજબની યોજનાઓને કોષ્ઠકની નીચે દર્શાવેલ શરતોને આધીન આથી મંજુરી આપવામાં આવે છે:-

| ક્રમ | યોજનાનું નામ | વિગત | | યુનિટ | રકમ (લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૧ | માઈક્રોક્રેડીટ ફાઈનાન્સ યોજના-સ્વ સહાય જૂથ (કુલ ૨૫ જૂથ) | હેતું | અંત્યોદય જ્ઞાતિનાં બેરોજગાર વ્યક્તિઓનાં સ્વ સહાય જૂથ માટે તથા વ્યક્તિગત ધોરણે નાના પાયાના ધંધા- વ્યવસાય શરૂ કરવા માટેની લઘુ ધિરાણ આપી સ્વરોજગારી ઉભી કરવી. | ૨૫૦ | ૧૧૮.૭૫ |
| | | ધિરાણની રકમ | રૂ. ૫૦,૦૦૦/- | | |
| | | વ્યાજનો દર | ૬% | | |
| | | મુદત | ૩૬ માસ (૩વર્ષ) | | |
| | | રાજ્ય સરકારનો ફાળો | ૯૫% (રૂ. ૪૭,૫૦૦/-) | | |
| | | લાભાર્થી ફાળો | ૫% (રૂ. ૨,૫૦૦/-) | | |
| | | જામીનદાર | - | | |
| | | હપ્તાની સંભવિત રકમ | રૂ. ૧,૪૪૫/- પ્રતિ માહ | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨ | મહિલા સમૃધ્ધિ યોજના | હેતું | ગૃહિણીઓ માટે નાના ઉદ્યોગ/ધંધા માટે લઘુ ધિરાણ આપી સ્વરોજગારી ઉભી ઉભી કરવી. | ૨૫૦ | ૧૧૮.૭૫ |
| | | ધિરાણની રકમ | રૂ. ૫૦,૦૦૦/- | | |
| | | વ્યાજનો દર | ૬% | | |
| | | મુદત | ૩૬ માસ (૩ વર્ષ) | | |
| | | રાજ્ય સરકારનો ફાળો | ૯૫% (રૂ. ૪૭,૫૦૦/-) | | |
| | | લાભાર્થી ફાળો | ૫% (રૂ. ૨,૫૦૦/-) | | |
| | | જામીનદાર | - | | |
| | | હપ્તાની સંભવિત રકમ | રૂ. ૧,૪૪૫/- પ્રતિ માહ | | |
| 3 | નાના ધંધા/વ્યવસાય ધિરાણ યોજના | હેતું | અંત્યોદય જ્ઞાતિનાં બેરોજગાર વ્યક્તિઓ માટે નાના ઉદ્યોગ/ધંધાની જરૂરિયાતો પુરી કરવા અને સ્વરોજગારી ઉભી કરવા માટે | ૧૩૦ | ૧૨૩.૫૦ |
| | | ધિરાણ ની રકમ | રૂ. ૧,૦૦,૦૦૦/-સુધી | | |
| | | વ્યાજનો દર | ૬% | | |
| | | મુદત | ૬૦ માસ (૫ વર્ષ) | | |
| | | રાજ્ય સરકારનો ફાળો | ૯૫% (રૂ. ૯૫,૦૦૦/- મહત્તમ) | | |
| | | લાભાર્થી ફાળો | ૫% (રૂ ૫,૦૦૦/- મહત્તમ) | | |
| | | જામીનદાર | એક જામીનદાર | | |
| | | હપ્તાની સંભવિત રકમ | રૂ. ૧,૮૩૭/- પ્રતિ માહ (મહત્તમ) | | |
| ૪ | પશુપાલન ધિરાણ યોજના | હેતું | અંત્યોદય જ્ઞાતિનાં બેરોજગાર વ્યક્તિઓ માટે દૂધાળા પશુઓ ખરીદવા માટે ધિરાણ પુરૂ પાડી સ્વરોજગારી ઉભી કરવી | ૧૨૫ | ૧૧૮.૭૫ |
| | | ધિરાણ ની રકમ | રૂ. ૧,૦૦,૦૦૦/-સુધી | | |
| | | વ્યાજનો દર | ૬% | | |
| | | મુદત | ૬૦ માસ (૫ વર્ષ) | | |
| | | રાજ્ય સરકારનો ફાળો | ૯૫% (રૂ. ૯૫,૦૦૦/- મહત્તમ) | | |
| | | લાભાર્થી ફાળો | ૫% (રૂ ૫,૦૦૦/- મહત્તમ) | | |
| | | જામીનદાર | એક જામીનદાર | | |
| | | હપ્તાની સંભવિત રકમ | રૂ. ૧,૮૩૭/- પ્રતિ માહ (મહત્તમ) | | |
| ૫ | પેસેન્જર ઓટો રીક્ષા | હેતું | અંત્યોદય જ્ઞાતિનાં બેરોજગાર વ્યક્તિઓ માટે પરિવહન ક્ષેત્રે ધિરાણ પુરૂ પાડી સ્વરોજગારી ઉભી કરવી | ૮૦ | ૧૫૨.૦૦ |
| | | ધિરાણ ની રકમ | રૂ. ૨,૦૦,૦૦૦/-સુધી | | |
| | | વ્યાજનો દર | ૬% | | |
| | | મુદત | ૬૦ માસ (૫ વર્ષ) | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | રાજ્ય સરકારનો ફાળો | ૯૫% (રૂ. ૧,૯૦,૦૦૦/-) | | |
| | | લાભાર્થી ફાળો | ૫% (રૂ. ૧૦,૦૦૦/-) | | |
| | | જામીનદાર | બે જામીનદાર | | |
| | | હપ્તાની સંભવિત રકમ | રૂ.. ૩,૬૭૩/- પ્રતિ માહ | | |
| ૬ | પેસેન્જર વાન | હેતું | અંત્યોદય જ્ઞાતિનાં બેરોજગાર વ્યક્તિઓ માટે પરિવહન ક્ષેત્રે ધિરાણ પુરૂ પાડી સ્વરોજગારી ઉભી કરવી | ૩૦ | ૧૪૨.૫૦ |
| | | ધિરાણ ની રકમ | રૂ. ૫,૦૦,૦૦૦/-સુધી | | |
| | | વ્યાજનો દર | ૬% | | |
| | | મુદત | ૬૦ માસ થી ૮૪ માસ(૫ થી ૭ વર્ષ) | | |
| | | રાજ્ય સરકારનો ફાળો | ૯૫% (રૂ. ૪,૭૫,૦૦૦/-) | | |
| | | લાભાર્થી ફાળો | ૫% (રૂ. ૨૫,૦૦૦/-) | | |
| | | જામીનદાર | બે જામીનદાર | | |
| | | સંભવિત હપ્તાની રકમ | રૂ. ૯,૧૮૩/- પ્રતિ માહ (૫ વર્ષ માટે)<br>રૂ. ૭,૮૭૨/- પ્રતિ માહ (૬ વર્ષ માટે)<br>રૂ.૬,૯૩૯/- પ્રતિ માહ (૭ વર્ષ માટે) | | |
| ૭ | મોબાઈલ ફૂડ કોર્ટ | હેતું | અંત્યોદય જ્ઞાતિનાં બેરોજગાર વ્યક્તિઓ માટે ખાણી-પીણી ક્ષેત્રે ધિરાણ પુરૂ પાડી સ્વરોજગારી ઉભી કરવી | ૨૦ | ૧૧૪.૦૦ |
| | | ધિરાણ ની રકમ | રૂ. ૬,૦૦,૦૦૦/-સુધી | | |
| | | વ્યાજનો દર | ૬% | | |
| | | મુદત | ૬૦ માસ થી ૮૪ માસ(૫ થી ૭ વર્ષ) | | |
| | | રાજ્ય સરકારનો ફાળો | ૯૫% (રૂ. ૫,૭૦,૦૦૦/-) | | |
| | | લાભાર્થી ફાળો | ૫% (રૂ. ૩૦,૦૦૦/-) | | |
| | | જામીનદાર | બે જામીનદાર | | |
| | | સંભવિત હપ્તાની રકમ | રૂ.. ૧૧,૦૨૦/- પ્રતિ માહ (૫ વર્ષ માટે)<br>રૂ.. ૯,૪૪૭/- પ્રતિ માહ (૬ વર્ષ માટે)<br>રૂ..૮,૩૨૭/- પ્રતિ માહ (૭ વર્ષ માટે) | | |
| ૮ | ઉચ્ચ અભ્યાસ માટે ધિરાણ | હેતું | ઉચ્ચ અભ્યાસ માટે ધિરાણ પુરૂ પાડવું. | ૪૦ | ૧૦૦.૦૦ |
| | | ધિરાણ ની રકમ | રૂ. ૨,૫૦,૦૦૦/- વાર્ષિક | | |
| | | વ્યાજનો દર | ૩ % | | |
| | | મુદત | ૬૦ માસ થી ૯૬ માસ(૫ થી ૮ વર્ષ) | | |
| | | રાજ્ય સરકારનો ફાળો | ૧૦૦% | | |
| | | લાભાર્થી ફાળો | - | | |
| | | જામીનદાર | બે જામીનદાર | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | સંભવિત હપ્તાની રકમ | રૂ.. ૪,૪૯૨/- પ્રતિ માહ (૫ વર્ષ માટે)<br>રૂ.. ૩,૭૯૮/- પ્રતિ માહ (૬ વર્ષ માટે)<br>રૂ..૩,૩૦૩/- પ્રતિ માહ (૭ વર્ષ માટે)<br>રૂ..૨,૯૩૨/- પ્રતિ માહ (૮ વર્ષ માટે)<br>રૂ..૨,૬૪૪/- પ્રતિ માહ (૯ વર્ષ માટે)<br>નોંધ : - અભ્યાસ પૂર્ણ થયેથી ૬ માસ બાદ અથવા રોજગાર મેળવે તે બન્નેમાંથી જે વહેલું હોય તે સમયથી વસૂલાતનો હપ્તો ચાલુ થશે. | | |
| ૯ | જન જાગૃતિ કેમ્પ | હેતું | નિગમ દ્વારા ચાલતી યોજનાઓ માટે માહિતગાર કરવા. સામાજિક બદીઓ,શિક્ષણ, સ્વચ્છતા, વ્યસન-મુક્તિ વગેરે બાબતે અંત્યોદય સમાજમાં બહોળા પ્રમાણમાં જન જાગૃતિ કેળવવા વિવિધ કેમ્પનું આયોજન કરવું. | | ૧૧.૭૫ |
| | | | કુલ | ૯૨૫ | ૧૦૦૦.૦૦ |

અ. રાજ્ય સરકારને લોન પરત ભરપાઇ અને વ્યાજના દર અને તે અંગે ચુકવણી અંગેની કાર્યરીતિ વિભાગના તા:૦૮/૦૨/૨૦૧૭ના ઠરાવ મુજબની રહેશે.

બ. લોનની ચૂકવણી માટેના હપ્તા લોન ફાળવણીની તારીખથી અર્ધવાર્ષિક ધોરણે નક્કી કરવાના રહેશે અને નિગમ દ્વારા ચૂકવણી જે તારીખે લેણી થતી હોય તે તારીખો ખાસ નિયત કરી દર્શાવવાની રહેશે.

ક. નાણાં વિભાગના તા:૧૮/૦૯/૨૦૧૯ના પરિપત્રની અન્ય સૂચનાઓનું તેમજ નાણાં વિભાગના વખતો વખતની તમામ સુચનાઓનું પાલન કરવાનું રહેશે.

૨. <u>યોજનાનો લાભ લેવા માટે અરજદાર નીચે જણાવેલ યોગ્યતા/પાત્રતા ધરાવતા હોવા જોઇએ:-</u>

1. અરજદાર મુળ ગુજરાતના વતની અને અનુસૂચિત જાતિ પૈકી અતિપછાત જાતિના બેરોજગાર હોવા જોઈએ.
2. અરજદારના કુટુંબની વાર્ષિક આવક રૂ. ૩-૦૦લાખથી વધુ હોવી જોઇએ નહી.
3. અરજદારની ઉંમર જાહેરાતની તારીખે ૨૧ વર્ષથી ઓછી નહીં અને ૫૦ વર્ષથી વધુ ન હોવી જોઈએ.

4. અરજદારના કુટુંબના કોઇ સભ્ય સરકારી કે અર્ધસરકારી કચેરીમાં ફરજ બજાવતા હોવા જોઇએ નહી.
5. અરજદાર કે તેમના કુટુંબના સભ્યએ આ નિગમની કે સરકારશ્રીની કોઇપણ યોજના હેઠળ અગાઉ ધિરાણ મેળવેલ ન હોય, તેવા જ અરજદારો આ જાહેરાત અન્વયે અરજી કરી શકશે.
6. બી.પી.એલ./વિધવા/ત્યક્તા/વિકલાંગને અગ્રિમતા આપવામાં આવશે.
7. વાહન ધિરાણ યોજના માટે અરજી કરનાર જાહેરાતની તારીખે જે તે વાહન ચલાવવાનું માન્ય લાયસન્સ ધારણ કરતાં હોવા જોઇએ.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા:03/03/૨૦૨૦ની નોંધથી મળેલ સમંતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિગ્વિજયસિંહ કુંપાવત)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

1. માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. અગ્ર સચિવશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
3. નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
5. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
6. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
7. મેનેજીંગ ડીરેકટરશ્રી, ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.),કર્મયોગી ભવન, ગાંધીનગર.
8. સેકશન અધિકારીશ્રી-કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
9. સેક્શન અધિકારીશ્રી, નાણાં વિભાગ (અ-શાખા), સચિવાલય, ગાંધીનગર.
10. પસંદગી ફાઇલ-૨૦૨૦..